સાર્વજનિક ગણેશોત્સવ સે. ૨૨માં બીજા દિવસે
ગીત-ભજન-નૃત્યથી સભર આંગીકમ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

સાર્વજનિક ગણેશ મહોત્સવ સે. ૨૨માં સળંગ ૪૩મા વર્ષે એનો કાર્યક્રમ આયોજી રહ્યો છે. પ્રથમ દિવસે ગવર્નરના હસ્તે દીપ પ્રાગટ્ય કરી સળંગ ૪૩ વર્ષ સુધી ગવર્નરના હસ્તે કાર્યક્રમના ઉદ્‌ઘાટનનો શિરસ્તો જાળવી રાખ્યો.

ગણેશોત્સવના બીજા દિવસે અરવિંદ કેન્દ્રના ઉપક્રમે ક્રિશ્ના ભરતનાટ્યમ વિદ્યાલયની કુ. ખુશ્બુ દેસાઈ ગ્રુપે લોકગીતો-ભજનો-ગીતો-નૃત્યો દ્વારા આંગીકમની ભાવસભર રજૂઆત કરી પ્રેક્ષકોને રાજી કરી દીધા.

આ કાર્યક્રમને માણવા અને શ્રીજીની આરતી ઉતારવા ગાંધીનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, સે.૨૨ના કોર્પોરેટર અશ્વિનભાઈ વ્યાસ અને જાણીતા બિલ્ડર જગતભાઈ કારાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સુંદર આયોજનમાં ગણેશોત્સવના પ્રમુખ નિશીત વ્યાસ અને મંત્રી પ્રવિણ બાલપાંડેએ ખાસ મહેનત લીધી હતી.

ગાંધીનગર ડીસ્ટ્રીકટ ઓપન કેરમ ટુર્નામેન્ટનો પ્રારંભ

ગાંધીનગર, તા.૨૧

ધીગુજરાત સચિવાલય ફેડરેશન અને ગાંધીનગર ડિસ્ટ્રીકટ કેરમ એસો.ના ઉપક્રમે ગાંધીનગર ડીસ્ટ્રીકટ ઓપન કેરમ ટુર્નામેન્ટનો આજથી પ્રારંભ થયો છે.

આ ટુર્નામેન્ટને આજે ફેડરેશનના પ્રમુખ શ્રી મનુભાઈ પટેલે ખુલ્લી મુકતાં જણાવ્યું હતું કે આ સ્પર્ધાથી મનની એકાગ્રતામાં વધારો થાય છે એટલું જ નહિ પણ માનસિક સ્થિરતામાં વધારો થતો હોય છે.

આ ટુર્નામેન્ટની સિંગલ્સ સ્પર્ધામાં ૭૨ ખેલાડીઓ અને ડબલ્સમાં ૬૦ જેટલા સ્પર્ધકોએ નોંધાવેલ એન્ટ્રી અંગે શ્રી પટેલે ખુશી વ્યકત કરતાં જણાવ્યું હતું કે આ ટુર્નામેન્ટ આગામી દિવસોમાં યુવાનોનું આગવું આકર્ષણ બનશે એવો તેમને વિશ્વાસ છે.

સે-૧૯ના જીમખાના ખાતે શરુ થયેલ આ ટુર્નામેન્ટના પ્રથમ દિવસે ૩૫ રાઉન્ડ સિંગલ્સની સ્પર્ધા સંપન્ન થઈ છે. આજે બીજા દિવસે સીંગલ્સની કવાર્ટર ફાઈનલ અને સેમીફાયનલ રમાશે જયારે ડબલ્સની સ્પર્ધામાં પ્રિ-કવાર્ટર ફાયનલ સુધીની રમત રમાશે.

રવિવારે આ ટુર્નામેન્ટની પુર્ણાહુતી થશે. આ ટુર્નામેન્ટમાં વિજયી થનાર પ્રથમ વિજેતાને રૂ. ૩ હજાર, દ્વિતીયને રૂ. ૨ હજાર તથા તૃતિયને રૂ. ૧ હજારનું પારિતોષિક અને ટ્રોફી એનાયત કરવામાં આવશે. આ ટુર્નામેન્ટમાં ચીફ રેફરી તરીકે શ્રી વી.ટી. જોશી સેવાઓ આપી રહ્યા છે.

ગાંધીનગરની ઉગતી પ્રતિભા 'મિસ ગાંધીનગર' ગુલિસ્તા કુરેશી

ગાંધીનગર, તા. ૨૧

તાજેતરમાં ગાંધીનગર ટાઉનહૉલમાં 'મિસ ગાંધીનગર' નો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જિલ્લા પોલીસ વડાશ્રી, જયકર ભોજાંગ, અને 'તારક મહેતા'માં આવતાં કલાકાર દયાનાભાઈ 'સુંદર' આવ્યા હતા. આ કાર્યક્રમમાં કુરેશી ગુલિસ્તાએ ભાગ લીધો હતો. બીજી રનર્સઅપ બનેલી હતી જેના ભાગરૂપે ઈનામમાં રૂા. ૧૫૦૦/- રોકડા, એક હાર, તાજ, ટ્રૉફી રૂા.૩૦૦ અને ઈન્ફોસીટીમાં ફિનિસ તરફથી ચેક, પ્રમાણપત્ર એ સાસણગીરનો પ્રવાસ ઈનામમાં મહેલ હતો.

કુરેશી ગુલિસ્તાને માતા-પિતાએ તથા શાળાના આચાર્યા શ્રીમતી સુધાબેન પટેલ અને શાળા પરિવાર મહેનત લીધી હતી.

કુરેશી ગુલિસ્તાના શકીદભાઈ આર.જી. પટેલ કન્યા વિદ્યાલય અને શ્રી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળામાં ધોરણ-૧૨માં અભ્યાસ કરે છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા
ગાંધીનગરની કવિતા પરમારને શ્રેષ્ઠ અભિનય બદલ પ્રમાણપત્ર
જી ઈ ક્લબ નિર્મિત અને કુંતલ નિમાવત લિખિત-દિગ્દર્શિત નાટક 'અનારકલીનો સ્વયંવર'માં મુખ્ય પાત્ર ભજવી ભરપૂર દાદ મેળવી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરની પ્રતિભાશાળી અભિનેત્રી કવિતા પરમારને પૂર્ણ કદના નાટકમાં શ્રેષ્ઠ અભિનય આપવા બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે.

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા દહેગામ ખાતે તા. ૧૦થી ૧૬ સપ્ટેમ્બર દરમ્યાન પ્રથમ વિભાગીય નાટ્ય સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં તા. ૧૪ના રોજ ગાંધીનગરની સંસ્થા જી ઈ ક્લબનું નાટક 'અનારકલીનો સ્વયંવર' રજૂ થયું હતું. મોહંમદહબીબ શેખની પરિકલ્પના પર આધારિત આ નાટકનું લેખન-દિગ્દર્શન કુંતલ નિમાવત દ્વારા કરવામાં આવ્યું હતું. કવિતા પરમારે આ નાટકમાં 'અનારકલી'નું મુખ્ય પાત્ર ભજવ્યું હતું, જે બદલ તેને અકાદમી તરફથી પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે કવિતાને ગત વર્ષે પણ આ જ સ્પર્ધા અંતર્ગત પ્રવિણ સોલંકી લિખિત અને અખ્તર સૈયદ દિગ્દર્શિત નાટક 'તેજ લિસોટો'માં શ્રેષ્ઠ અભિનય બદલ પ્રમાણપત્ર એનાયત થયું હતું. એ પછી આ વખતે સતત બીજા વર્ષે કવિતાએ આ પ્રમાણપત્ર મેળવીને ગાંધીનગરના ગૌરવમાં વધારો કર્યો છે.

'અનારકલીનો સ્વયંવર' નાટકની વિશેષતા એ છે કે તે સંપૂર્ણપણે ગાંધીનગરનું સર્જન છે અને પૂર્ણપણે યુવાઓનું સર્જન છે. અદાકારોથી માંડીને ટેકનીશિયન્સ સુધીના સૌ ટીમ મેમ્બર્સ ગાંધીનગરના રહેવાસી છે અને સૌ યુવા પણ છે. આ નાટકમાં કવિતા ઉપરાંત પાર્થ પટેલ, જિમેશ પટેલ, અરૂણ રાવલ, દિવ્યકાન્ત વર્મા, બ્રિજરાજસિંહ ઝાલા અને કુંતલ નિમાવતે અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. સંગીત સંચાલન ઋષિકેશ મહેતાએ સંભાળ્યું હતું અને પ્રકાશ આયોજન વિપુલ પ્રજાપતિએ. હળવાશના રસ્તા પર ચાલીને એક સ્ત્રીના દિલ સુધી લઈ જતું આ ઐતિહાસિક કૉમેડી નાટક દહેગામની કલાપ્રેમી જનતાએ મન ભરીને માણ્યું હતું અને તેને ભરપૂર દાદ આપી હતી.

નવતર પ્રકારના આ નાટક માટે શ્રેષ્ઠ અભિનેત્રી તરીકેનું પ્રમાણપત્ર મેળવનાર કવિતાને નગરની કલાપ્રેમી સંસ્થાઓ તથા વ્યક્તિઓ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

માણસા કોલેજમાં આગે કદમ કાર્યક્રમ યોજાયો

જિલ્લાના સરઢવ ગામે તાજેતરમાં 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' અંતર્ગત રાષ્ટ્રવંદના ગીત, સ્વામી વિવેકાનંદ યુવા અભિયાન, સ્વામીજીનું જીવન દર્શન દર્શાવતું પ્રદર્શન અને વક્તૃત્વ સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો હતો.

માણસા, તા. ૨૧

ગાંધીનગર નજીક માણસા તાલુકાની માણસા કોલેજમાં રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સ્વામી વિવેકાનંદ ૧૫૦મી જન્મજયંતિ ઉજવણી સેલ, યુવા દિશા કેન્દ્ર ગાંધીનગર અને એસ.કે. આર્ટસ એન્ડ બી.આર. કોમર્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે 'સ્વામી વિવેકાનંદ કે પથ પર આગે કદમ' કાર્યક્રમ સંપન્ન થયો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં રાષ્ટ્રીય વંદના ગીત, સ્વામી વિવેકાનંદ યુવા અભિયાન, સ્વામી વિવેકાનંદ જીવન પ્રદર્શની અને પુસ્તક પ્રદર્શન યોજાયું હતું. જેમાં સંજીવ મહેતા દ્વારા દેશભક્તિની તાલીમ આપી સમુહમાં દેશભક્તિ ગીતો ગવડાવી સ્વામી વિવેકાનંદ વિશે ઉંડાણપૂર્વક જ્ઞાન આપ્યું હતું ઉપરાંત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પણ ઉપસ્થિત યુવાનોને માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું અને યુવા દિશા કેન્દ્રની પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

આ પ્રસંગે સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર, સંગીત નાટક અકાદમીના સભ્ય સચિવ ડૉ. પ્રદિપ આઝાદ સહિત ગોવિંદભાઈ પટેલ અને કેતન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

માનસિક રોગો અને તેના વૈજ્ઞાનિક ઉપાયો વિષયે ૨૩મીએ જાહેર વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા રેશનાલિસ્ટ એસોસિએશન દ્વારા જાહેર જનતાના હિતાર્થે 'માનસિક રોગો અને તેના વૈજ્ઞાનિક ઉપાયો' વિષય અંતર્ગત ૨૩મી સપ્ટેમ્બર ને રવિવારે નિસર્ગ સાયન્સ સેન્ટર ખાતે જાહેર વાર્તાલાપ અને વ્યાખ્યાન યોજાશે.

વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં ભારતના લાખો લોકો પરંપરાગત માન્યતાઓમાં, ભૂત-પ્રેતમાં, ચમત્કારોમાં, મેલિ વિદ્યામાં વિશ્વાસ ધરાવે છે. શા માટે લોકો આ બધી બાબતોમાં વિશ્વાસ ધરાવે છે? શા માટે તેઓનું માનસ આવું ચોક્કસ બીબાંઢાળ થઈ ગયું છે? શું આ એક પ્રકારના મનોરગો છે? વગેરે પ્રશ્નોના સમાધાન માટે ગાંધીનગર જિલ્લા રેશનાલિસ્ટ એસોસિએશન દ્વારા જાહેર જનતાના હિત માટે ગાંધીનગરના જાણીતા મનોચિકિત્સક ડૉ. રાજેન્દ્ર આનંદનું 'માનસિક રોગો અને તેના વૈજ્ઞાનિક ઉપાયો' વિષય ઉપર તા. ૨૩મી સપ્ટેમ્બર ને રવિવારે સાંજે ૪ કલાકે નિસર્ગ સાયન્સ સેન્ટર, ૬૧/૧, ધ ટાઈપ, સેક્ટર-૨૩, ગાંધીનગર ખાતે વ્યાખ્યાન યોજાશે. જાહેર જનતાને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા એસોસિએશને ખાસ જણાવ્યું છે.

ઉઘડતે પડદે
- સંજય થોરાત

નૈનોં સે જાદુ કિયા, જીયરા મોહ લિયા...
કલાગુર્જરીના ગીતોનો ગૂંજારવ કરતા નવરંગી જોડીયા પતંગીયા છવાઈ ગયા

મૌસમ-મલકા જોડીયા બહેનોએ નાટ્ય સંગીત, લગ્નગીતો સહિત હિન્દી ફિલ્મી ગીતોને ગોલ્ડન ચિયર્સના મેલોડિયસ ઓરકેસ્ટ્રાના સથવારે સતત અઢી કલાક સુધી કલારસિકોને એમના રિયાઝી અવાજથી મુગ્ધ કરી દીધા

મંગળવારે ગાંધીનગર ટાઉનહૉલ ખાતે કલાગુર્જરીના ઉપક્રમે યોજાયેલ નવરંગી પતંગીયા કાર્યક્રમ એટલો અદ્‌ભૂત હતો કે સતત એવું લાગે કે આપણે મુંબઈ-પુનાનો કોઈ કાર્યક્રમ માણી રહ્યા છીએ.

પડદો ઉઘડતા પહેલાં પરદામાંથી ધીમેથી બહાર આવી જયરાજસિંહ બાપુ એટલું જ બોલ્યા કે અંદરનો અને બહારનો માહોલ સાવ નોખો છે અને હવે ટૂંક સમયમાં જ તમે એ અનુભવશો. સંસ્થાના પ્રમુખ એન પી પટેલે કલાગુર્જરીના આ કાર્યક્રમને સાવ અલગ જ પ્રકારનો ગણાવી સૌનું શાબ્દિક સ્વાગત કર્યું. પૂર્વ સાંસ્કૃતિક મંત્રી અને પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદીએ કહ્યું કે મૌસમ-મલકાનો આ કાર્યક્રમ જોવા એમણે અન્ય કાર્યક્રમો ટૂંકાવ્યા છે.

ગોલ્ડન ચિયર્સના ડાયરેક્ટર જગદીપ મહેતા એટલું જ કહીને ગયા કે કાર્યક્રમ માટે ખાસ મહેનત કરી છે અને જ્યાં ગમે ત્યાં જરૂરથી દાદ આપજો. કર્ટન ખૂલ્યું અને જયરાજસિંહે જેટલું વખાણ્યું એથીય અધિક સુંદર સ્ટેજ સુશોભન નીકળ્યું.

દસ સાજીંદા-૬ કોરસના કલાકાર અને ફ્રંટમાં મૌસમ-મલકા. એક અલૌકિક વાતાવરણમાં જોતજોતામાં પ્રેક્ષકો ગર્કાવ થઈ ગયા. ગેરૂઆ રંગથી ભક્તિનો ઉઘાડ થયો. સ્ટેજ પર લાયટીંગ એરેંજમેન્ટ પણ એવી કે પરોઢના સોનેરી કિરણો સાથે મધુરાં-મીઠાં ભક્તિ ગીતોથી સોનેરી કાર્યક્રમથી શરૂઆત થઈ. ઓમ નમઃ શિવાય, મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી યમુનાજી, મેરે મનમેં ક્રિશ્ના મેરે તનમેં ક્રિશ્ના, અંબે-અંબે-અંબાની સ્તુતિ, ઓમ નમો અરિહંતાણં... ભક્તિનો રસ એવો તો છવાયો કે એમ લાગ્યું બસ આમ જ મધુરા ગીતો ચાલુ રહે!

સંવેદનશીલ માણસ જ મૌસમ-મલકાને માણી શકે એવું કહી તેજસ મજમુદારે કાર્યક્રમ સંચાલન સંભાળ્યું. સતત નજર સમક્ષ અને કાને તાના રીરી જ ફરતી હોય એવું આ મૌસમ-મલકાને જોઈ-સાંભલી લાગતું હતું. કચકડાંની ચૂડી રે મારી હો સહિયર શું કરીએ... સાયબો મારો રતુંબડો... મધમધતા અવાજ સાથે ઓરકેસ્ટ્રાનું એટલું સુરીલું સંયોજન કે લક્ષ્મીકાન્ત-પ્યારેલાલનો સજીલો ઓરકેસ્ટ્રા સાંભળતા હોઈએ એવું લાગે. આજ વરસ્યો વરસાદ ઉપરવાસમાં, ચાલ હવે ચાલી નીકળીએ પ્રવાસમાં, હિંડોળો ઝાકમઝોળ માડી તારો ગાઈને મૌસમ-મલકાને મોજ કરાવી તો તેજસભાઈએ ભવાની અષ્ટકમ્‌ના બે શ્લોકો લલકારી મા જગદંબાની સ્તુતિ કરી... ને પછી જોડીયા પતંગીયાએ અવિનાશ વ્યાસનાં ગીતોની સુંદર સફર કરાવી - તમે થોડા થોડા થાવ વરણાગી, મહેંદીને વાવી માંડવે ને એનો રંગ, છાનું રે છપનું કંઈ થાય નહીં, ઝાંઝર અલકમલકથી આવ્યું રે... એ પછી નાટ્યગીતોની મજેદાર પેશકશ પણ કરી - મોહે પનઘટ પે નંદલાલ છેડ ગયો રે, ભારી બેડાં ને હું તો નાચ કેરી નાર, પ્રિતમજી આણાં મોકલે, નાગરવેલીઓ રોપાય તારા રાજ રહેલીઓમાં, અમે સામા મળ્યા સોમવારે માયા લાગી મંગળવારે પ્રિતડી બંધાણી બુધવારે...

એ પછી સુરીલાં લગ્નગીતો - વાગે હો નોબત વાગે, મારે ઘેર આનંદે પધારે વિનાયક, કંકુ છાંટી કંકોતરી મોકલી - પછી કરૂણરસ સમાન કન્યા વિદાય ગીત પ્રોજેક્ટર દ્વારા આવ્યું. તુષાર શુક્લ દ્વારા લિખિત આ સુંદર ગીતનું ફિલ્માંકન પણ સુંદર હતું.

કરૂણરસમાંથી ફિલ્મી ગીતોના મધુરારસમાં બંને બહેનો રસ ભરવા લાગી - આવાઝ દે કહાં હૈ... મૈં ચલી મૈં ચલી દેખો પ્યાર કી ગલી... કૈસી યે કૈસી પહેલી હૈ યે ઝીંદગાની... હંસતા હુઆ નુરાની ચહેરા... શામ હૈ જામ હૈ, ક્યું ધડકતા હૈ દિલ... યું હસરતોં કે દાગ - એક ગીત સાંભળો ને બીજું ભુલો એવી પસંદગી અને એથીય સુંદર રજૂઆત, રાત જામી ગઈ. કજરી અને કવ્વાલીનું કોમ્બીનેશન આવ્યું ને એ પછી બંને બહેનોએ નૃત્ય પણ કમાલનું કરી દેખાડ્યું. આનંદમઠનું વંદે માતરમ્ ગીત ગાઈ કાર્યક્રમ સંપન્ન કરાયો. સુંદર સેટ, સંગીત, નૃત્ય અને ગીતો સાથેનો આ કાર્યક્રમ મૌસમ-મલકાએ પોતાની વર્સેટાઈલથી ન માત્ર દીપાવ્યો બલ્કે માણનારાઓનાં મનમાં એને અવિસ્મરણીય પણ બનાવી દીધો.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવા સંગઠનના ખમતીધર મોભી : જીલુભા ધાધલ

આગવો માણસ - આપણો માણસ
- કિશોર જીકાદરા

થોડા સમય પહેલાં સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવાના એક કાર્યક્રમમાં જવાનું આમંત્રણ મળ્યું. બહુધા હોદ્દાની સાઠમારીથી અનેક સંસ્થાઓને મેં ખરડાતી અને તરડાતી જોઈ છે. બીજી સંસ્થાઓ જેવી આ પણ એક સંસ્થા હશે તેવા પૂર્વગ્રહ સાથે હું ગયો. ત્યાં ગયા પછી મેં જે જોયું, જાણ્યું અને અનુભવ્યું તે મારે માટે સુખદ આશ્ચર્યથી ઓછું નહોતું! આ સંસ્થામાં હોદ્દેદારોની ભરમાર નહોતી! એક સંગઠિત બટાલિયન જેવી સંસ્થા હતી. અહીં સેનાપતિ અને સૈનિક વચ્ચેનો ભેદ પારખવો મુશ્કેલ હતો. સેનાપતિની વિનમ્રતા સૈનિક જેવી અને સૈનિકોની શિસ્ત સેનાપતિને છાજે તેવી હતી. બીજા શબ્દોમાં કહું તો, અહીં દરેક સૈનિક સેનાપતિ જેવો અને ખુદ સેનાપતિ વિનમ્ર સૈનિક જેવો હતો! માત્ર ઘરના મોભીને મળવાની સમગ્ર પરિવારની સંસ્કારિતાનો ખ્યાલ આવી જાય તેમ પ્રમુખીય ભાષણ સાંભળીને મને પણ આ સંસ્થાની ગરિમાનો અંદાજ આવી ગયો! ઘરનો મોભી પરિવારનું દર્પણ છે અને દર્પણ કદી જુઠું બોલતું નથી. સચ્ચાઈ એ હતી કે સૌરાષ્ટ્ર - કચ્છ સમાજસેવા સંગઠને ભગવાનને પાંચેય આંગળીઓ પૂજ્યા હતા એટલે આ સંસ્થાને આવો ખમતીધર મોભી મળ્યો હતો! રચનાત્મક વિચારો અને સકારાત્મક અભિગમથી સૌરાષ્ટ્ર-કચ્છ સમાજસેવાને અનોખી ઊંચાઈ સુધી લઈ જવાની ગગનગામી મહેચ્છાને ગાંધીનગરની જનતા જીલુભા ધાધલ તરીકે ઓળખે છે!

જીલુભાની જબાન પર મિસરીની મિઠાશ છે. હૃદય પણ એટલું જ મીઠું હોય! અત્યંત સૌમ્ય સ્વભાવના આ યુવાનમાં કાઠી દરબારની કરડાકીનો એક પણ અંશ શોધ્યો જડે તેમ નથી. તેમી અસ્ખલિત વાક્‌ધારામાં શ્રોતાઓને તાણી લેવાની અદ્‌ભૂત શક્તિ છે. પોતાના વિચારો વિનમ્રતાથી રજૂ કરવાની કલામાં તે માહેર છે. તેનું રોંમે રોંમે સંગઠન અને સેવાની સુવાસ મહેંકી રહ્યું છે. બીજાના દુઃખે દુઃખી થતો આ પરગજુ આત્મા સમાજસેવાની મશાન લઈને દુઃખી દિલોનાં અંધારા દૂર કરવા નીકળી પડ્યો છે. સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા સંગઠનના જીલુભા સ્થાપક પ્રમુખ છે પણ તેમને પ્રમુખ કહેવડાવવું કદાપિ ગમ્યું નથી! આ માણસ પહેલો પુરૂષ એકવચનમાં વાત કરવાને ટેવાયેલો નથી. મુ. શ્રી શાહબુદીનભાઈ રાઠોડ કહે છે કે **I is always Capital.** 'I' પણ જો આ 'I' ને આડો પાડી દ્યો તો બે કિનારાને જોડતો પુલ બની જતો હોય તેવું લાગે. જીલુભાને આ 'I' એટલે ભીંતરનાં 'હું પદ'ને છેલ્લાં કેટલાંક વરસોથી આડું પાડી દીધું છે અને આડા પહેલા 'I' થી બની ગયેલા પુલ મારફતે લોકોના દિલ સુધી સરળ રીતે આવ-જા કરી રહ્યાં છે!

હનુમાન મંદિરથી પ્રસિધ્ધ સાળંગપુર ગામે જીલુભાનો જન્મ. પિતા વિક્રમસિંહ બોટાદ તાલુકાના મોટી વાવડીના છ ગામના તાલુકદાર. મોંમાં ચાંદીના ચમચા સાથે જન્મેલા જીલુભાના તકદીરમાં માતૃછાયા માત્ર બે વર્ષ જેટલી જ લખાઈ હતી. જીલુભા નમાયા થઈ ગયા. ત્રણ મામા તે વખતે ગાંધીનગર રહેતા. બે વર્ષના બાળ જીલુભાને નાનીમાએ જનેતાની ખોટ સાલવા ન દીધી. જીલુભા ગાંધીનગર આવ્યા. મોસાળમાં મોટા થવાનો લાભ ભાણાભાઈને આ રીતે મળ્યો. બી.કોમ સુધીનો અભ્યાસ ગાંધીનગરમાં પૂરો કર્યો. અમદાવાદની નવગુજરાત કૉલેજમાંથી એમ.કૉમ. થયા. જીલુભાના ઘટમાં યૌવનનાં ઘોડા થનગનતા હતા. ૧૯૯૨માં પિતાજીના નિધન પછી જીલુભાને મોટી વાવી - વતનના ગામે જવું પડ્યું. એલ.એલ.બી. કરવાની મહેચ્છા જીલુભાએ આ દરમિયાન પુરી કરી લીધી. અફાટ સુખ સાહ્યબીને કારણે જીલુભાને નોકરી કરવાની કદી જરૂર લાગી નહીં. જીલુભાના ઘડતરમાં મોસાળનાં ધાર્મિક વાતાવરણનો ફાળો સવિશેષ રહ્યો. યુવાનીમાં તોરમાં કરેલી મારામારી, તોફાન, હુમલાઓ અને આંદોલનો વગેરે ભૂલી જવાનો અને સેવાક્ષેત્રોનાં સરનામાં શોધવાનો સમય હવે પાકી ગયો હતો.

સેકટર-૨૨માં સત્કર્મ ટ્રસ્ટના નેજા હેઠળ સેવાની પ્રવૃત્તિ કરતા સોઢા બાપુને દાન મેળવી આપવાના અને લોટ વિગેરે સામગ્રી ઉઘરાવવાના કામમાં જીલુભાએ વર્ષો સુધી મદદ કરી. પંચદેવ યુવક મંડળની સ્થાપના સમયમાં ચાર યુવાનો પૈકીનાં એક યુવાન આપણા જીલુભા હતા. ગાંધીનગરમાં રથયાત્રા પ્રારંભનો યશ પણ જીલુભાના નામે છે. ઉગાઉ તેઓ યુશ હોસ્ટેલ એસોસીએશન ઑફ ઈન્ડિયા, બોટાદ યુનિટના પ્રમુખ રહી ચુક્યા છે. હાલ તેઓ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિનાં ડાયરેકટર અને સેવા સહકારી મંડળી, વાવડીના ચેરમેન છે. શિવાનંદ મિશન વીરનગરના સહયોગથી સાળંગપુર હનુમાન મંદિરની ધર્મશાળામાં નિઃશુલ્ક નેત્રયજ્ઞના આયોજન દ્વારા જીલુભાએ માનવતાની ઊંચાઈના દર્શન કરાવ્યાં છે. ૧૯૯૩થી ૧૯૯૮ દરમિયાન આવા ૪૮ નેત્રયજ્ઞો જન્મસ્થળે યોજીને વતનનું ઋણ ફેડવાના નમ્ર પ્રયાસો કર્યા છે. આ નિઃશુલ્ક નેત્રયજ્ઞોમાં ઓપરેશનો ઉપરાંત દવા, આંખના ટીપાં અને કાળા ચશ્માની સુવિધા જીલુભાએ ઉપલબ્ધ કરાવી છે. જીલુભાએ વતનના ગામ મોટી વાવડીમાં ચાર, સાળંગપુરમાં ચાર અને બોટાદમાં નવ એમ કુલ સત્તર સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરીને ગામડાની ગરીબ જનતાના આશીર્વાદ મેળવ્યા છે. ગ્રામ્ય પ્રજામાં અફીણના સેવનનું દૂષણ ઠીક ઠીક રીતે ફાલેલું જોઈને જીલુભાને વ્યસનમુક્તિનો વિચાર પણ આવ્યો. સાત કેમ્પો કર્યા. આ અભિયાનમાં થોડી સફળતા મળી અને થોડી નિષ્ફળતા પણ! રાજકારણમાં પણ ઝંપલાવ્યું. ૧૯૯૫માં ભા.જ.પા.ની ટીકીટ પર બોટાદ તાલુકા પંચાયતની ચૂંટણી જીત્યા. પંચાયત સુપર સીડ થઈ. ફરીથી ચૂંટાયા. ૨૦૦૧માં વળી જીત્યા. પાંચ વર્ષ માટે તાલુકા પંચાયત પ્રમુખ રહ્યા.

લોકપ્રિયતાના શિખરે પહોંચીને પણ તેઓ સુખી ન થયા. તેમને સતત લાગી રહ્યું કે સમાજસેવાનો સંતોષ તેમને વધુ સુખ આપી શકે તેમ છે. સેવા અને ત્યાગની વાતો કરવી સહેલી છે પણ અમલ કઠિન છે. ભૂતકાળમાં પિતા વિક્રમસિંહે ૭૫૦ વીઘા જમીન ગણોતિયાને દસ્તાવેજ કરીને લખી આપી તો દિલાવર દીકરા જીલુભાએ પોતાના ભાગે આવેલી મોટી વાવણીની ૧૨ વીઘા જમીનના પ્લોટ પાડીને ગરીબી રેખા નીચે જીવતા ગામના ૧૭૪ પરિવારોને એક એક પ્લોટ મફત આપી દીધા! જીલુભાના ત્યાગ અને ઔદાર્યની તો વાત જ નિરાળી છે! (વધુ આવતા અંકે)